ક્રમાંક:[illegible]

ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,

બ્લોક નં.૧૨/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન,

ગુ.રા., ગાંધીનગર.,તારીખ :– ૧૮/૦૯/૨૦૦૯

પરિપત્ર :–

વિષય :–બિન સરકારી અનુદાનિત કોલેજોમાં સને : ૨૦૦૯–૧૦ ના કાર્યભારના આધારે બિન સરકારી કોલેજોના ફાજલ થયેલ અધ્યાપકો તથા સરકારી કોલેજના એડહોક અધ્યાપકોને સમાવ્યા બાદ બિન સરકારી અનુદાનિત કોલેજોમા ઉપલબ્ધ ખાલી જગ્યાઓ ભરવા માટે એન.ઓ.સી.આપવા બાબતે અત્રેની કચેરીમાં રાખવામાં આવેલ કેમ્પમાં હાજર રહેવા બાબત.

આથી બિન સરકારી અનુદાનીત કોલેજોના તમામ આચાર્યશ્રીઓને જણાવવાનું કે , વિનયન, વાણિજય, વિજ્ઞાન, કાયદાની તથા શિક્ષણ શાસ્ત્રની કોલેજોમા સને:૨૦૦૯–૧૦ના કાર્યભારના આધારે બિન સરકારી કોલેજોના ફાજલ થયેલ અધ્યાપકો તથા સરકારી કોલેજના એડહોક અધ્યાપકોને સમાવ્યા બાદ અનુદાનિત કોલેજોમા ઉપલબ્ધ ખાલી જગ્યાઓ ભરવા માટે એન.ઓ.સી. આપવા બાબતે અત્રેની કચેરીમા કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આ કેમ્પનું સમયપત્રક નીચે મુજબ છે. આ કેમ્પમાં રોસ્ટર રજીસ્ટ્રર, વિદ્યાર્થી સંખ્યાને આધારે કાર્યભારની વિગતો તથા નિયત નમુનામાં એન.ઓ.સી. મેળવવા અંગેની દરખાસ્ત સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

| ક્રમ | વિદ્યા શાખા | તારીખ– સમય | વિષય |
|---|---|---|---|
| ૧ | વિજ્ઞાન શાખા | ૨૨/૯/૦૯, બપોરે ૨–૩૦ કલાકે | રસાયણશાસ્ત્ર,વનસ્પતિશાસ્ત્ર,આંકડાશાસ્ત્ર, કોમ્પ્યુટર સાયન્સ |
| ૨ | વિજ્ઞાન શાખા | ૨૩/૯/૦૯, બપોરે ૨–૩૦ કલાકે | ભૌતિકશાસ્ત્ર,પ્રાણીશાસ્ત્ર,ગણિત,માઈક્રોબાયોલોજી ભૂસ્તરશાસ્ત્ર |
| ૩ | વાણિજય શાખા તથા અન્ય શાખા | ૨૪/૯/૦૯, બપોરે ૨–૩૦ કલાકે | કોમર્સ–એકા.,કાયદાશાસ્ત્ર,અર્થશાસ્ત્ર,બીઝનેશ લો બીઝનેશ મેનેજમેન્ટ,બીઝનેશ મેથ્સ,બી.બી.એ., હોમ મેનેજમેન્ટ |
| ૪ | વિનિયન શાખા | ૨૫/૯/૦૯, બપોરે ૨–૩૦ કલાકે | ગુજરાતી, હિન્દી,સંસ્કૃત,અંગ્રેજી,પ્રાકૃત,પર્શીયન |
| ૫ | વિનિયન શાખા | ૨૬/૯/૦૯, બપોરે ૨–૩૦ કલાકે | માનસશાસ્ત્ર,ભૂગોળ,તત્વજ્ઞાન,રાજયશાસ્ત્ર, ઈતિહાસ,સમાજશાસ્ત્ર,અર્થશાસ્ત્ર,ડીફેન્સ સ્ટડી, |
| ૬ | શિક્ષણશાસ્ત્ર | ૨૯/૯/૦૯, બપોરે ૨–૩૦ કલાકે | શિક્ષણશાસ્ત્રના વ્યાખ્યાતા, શારીરિક શિક્ષણ |
| ૭ | કાયદાશાસ્ત્ર | ૩૦/૯/૦૯, બપોરે ૨–૩૦ કલાકે | કાયદાશાસ્ત્રના વ્યાખ્યાતા |

આ કેમ્પમાં સંબંધિત બિન સરકારી અનુદાનિત કોલેજના આચાર્યશ્રી/મંડળ ધ્વારા નિયમાનુસારની દરખાસ્ત સાથે ઉપરોકત સમય પત્રક અનુસાર હાજર રહેવા આજ્ઞાનુસાર જણાવવામાં આવે છે.

વહીવટી અધિકારી
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા., ગાંધીનગર.

નકલ રવાના જાણ સારૂ તથા યોગ્ય કાર્યવાહી સારૂ :–

૧) પ્રમુખ/મંત્રીશ્રી, સંબંધિત કોલેજ,

૨) આચાર્યશ્રી, બિન સરકારી અનુદાનિત કોલેજો તમામ, ગુ.રા.,

નકલ રવાના જાણ સારૂ :–

૧) નાયબ સચિવશ્રી, શિક્ષણ વિભાગ.,નવા સચિવાલય, ગાંધીનગર.